(11)

| Greenlawns High School, Mumbai | | | | |
|---|---|---|---|---|
| CLASS | DATE | Terminal Examination 2017 - 2018 | TIME | MAX MARKS |
| VIII-A | / / 2017 | SUBJECT - GUJARATI - 2nd Language | 2.1/2 Hrs. | 80 |
| Number of printed pages - 4 | | | | |

**સૂચના: (દરેક પ્રશ્નોના ઉત્તર - ઉત્તર પત્રિકામાં જ લખો).**

## વિભાગ - 'અ'

**પ્રશ્ન ૧ નીચે આપેલા સવાલના જવાબ બે-ત્રણ વાક્યમાં લખો.** **(૪)**

**અ)** ૧) લેખક કઇ સાલમાં, ક્યા ધોરણમાં ભણતા હતા ? તેમની માતા કઇ લાઇબ્રેરીમાં પુસ્તક વાંચવા લઇ ગઇ હતી ?

૨) 'કચ્છ' પ્રદેશ ક્યાં આવેલો છે ? કચ્છની વસ્તી શા માટે આછી અને ઓછી છે ?

૩) રૂબિન ડેવિડ ગુજરાત ની મોંઘી થાપણ સમા છે શા ઉપર થી કહી શકાય ?

૪) રી-સાઇકલિંગ પ્રોસેસ કોને કહે છે ? હાનિકારક સામગ્રી કઇ-કઇ હોય છે ?

**બ) નીચેના આપેલા સવાલના જવાબ એક-બે શબ્દમાં લખો.** (૩)

૧) 'હાઇકુ' કાવ્યમાં માટી કેવી હોય છે ? ................

૨) પ્રતીકો આપણને કોણે આપ્યાં છે ?...........

૩) 'ખરરર...' કાવ્યમાં પાંદડું કોની સાથે ઘસડાયું ? ................

૪) કચ્છની રાજધાની કયા સંવતમાં, તેનું નામ લોકકથા સાથે સંકળાયેલી ઘટના પરથી શું રાખવામાં આવેલું છે ? ................

૫) કોટાયની દક્ષિણ પૂર્વે હબા ડુંગર પાસે ક્યાં સંતની સમાધિ આજે પણ એટલીજ પ્રખ્યાત છે ? ................

૬) કાર્ટિસ શું ભણેલો હતો ? ................

**ક) નીચે આપેલી ખાલી જગ્યા પાઠને આધારે પૂરો.** (૪)

૧) પ્રાણીઓની ટેવો, ................ અને ................ રૂબિન ડેવિડ ઊંડા અભ્યાસી હતા.

૨) આપણી શેરીઓ ................ સાવ ઢંકાઇ જતી નથી, કારણ કે સફાઇ ................ બંધ નથી પાડતા.

૩) કચ્છનું એક વિશિષ્ટ પ્રાણી છે ................ 'ધોલાબીરા' ને સ્થાનિક લોકો ................ તરીકે ઓળખે છે.

૪) પ્રતીકો અત્યંત ભાવવાહી, ................ અને ................ હોય છે.

...૨

**પ્રશ્ન ૨ નીચે આપેલી કવિતાની પંક્તિઓ સમજાવો.** (૫)

અ) ૧) પ્રલોભન આવશે સામાં, તમોને પાડવામાટે, ત્યાજીને સહ પડતીનો, વિજય પંથે વળી જાજો................ મળી છો.

૨) 'ખરરર....' શીર્ષક કાવ્યને આધારે તમારા શબ્દમાં સમજાવો.

**બ) નીચે આપેલા પૂર્વાપર સંબંધ પાઠને આધારે સમજાવો.** (૫)

૧) 'અમારે ત્યાં આ પ્રથા છે પારણું ખાલી ન અપાય', ખાલી પારણું જાણે અશુભનું પ્રતીક અને શ્રીફળ સાથે શુભનું પ્રતીક !

૨) 'મારા ચપણિયામાં કોઇ ભીખ પણ નહીં નાખે'

**ક) નીચે આપેલા સવાલોના કારણો જણાવો.** (૬)

૧) આપણાં પ્રતીકો ક્યા-ક્યા છે પ્રતીકની પાછળ સુંદર ભાવનાની સુગંધ છુપાયેલી હોય છે શા માટે ?

૨) નાગણ વિલાપ કરવા લાગી ? શા માટે ?

૩) સાઇકલ ફેરવવાના માર્ગ ઉપર માર્ગ સંકેતો મુક્યા છે. શા માટે ?

**પ્રશ્ન ૩ નીચે આપેલા સવાલના જવાબ મુદ્દાસર સમજાવો.** (૧૫)

૧) ઇ-વેસ્ટ માનવી માટે શા થી ખતરારૂપ છે ? તેનાથી ક્યા રોગો થવાનો સંભવ છે ?

૨) 'પાનનું ખરવું' અને 'કૂંપળનું ફૂટવું' આ વૃક્ષની અવસ્થા સ્પષ્ટ કરો.

૩) 'ગાય વિયાય તે ખુશીનો અવસર બની રહેતો' કેવી રીતે ? વિગતવાર સમજાવો.

૪) 'કંડલા' બંદર અને 'ધોલાવીરા' નું મહત્વ દર્શાવો ?

૫) 'મહામૃત્યુમાંથી અમૃત સમીપે નાથ લઇજા..' એ પંક્તિ દ્વારા કવિ ક્યો મર્મ સ્પષ્ટ કરે છે ?

## <u>વિભાગ - 'બ'</u>

**પ્રશ્ન ૧ નીચે આપેલા શબ્દના સમાનર્થી લખો.** (૪)

અ)

| | | | |
|---|---|---|---|
| ૧) અંતર્યામી | = ................ | ૫) પીઠિકા | = ................ |
| ૨) એકલપેટું | = ................ | ૬) પ્રલોભન | = ................ |
| ૩) નિઃશુલ્ક | = ................ | ૭) ઉકરડો | = ................ |
| ૪) નીરવ | = ................ | ૮) ઉદ્યમશીલ | = ................ |

**બ) નીચે આપેલા શબ્દોનો વિરોધી લખો.** (૪)

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧) | નિષ્ક્રિય | x ................ | ૫) | સમજણું | x ................ |
| ૨) | સ્વાભાવિક | x ................ | ૬) | સુગંધ | x ................ |
| ૩) | સંકળાશ | x ................ | ૭) | પડતી | x ................ |
| ૪) | ટાઢું | x ................ | ૮) | પારકા | x ................ |

**ક) નીચે આપેલા રૂઢિપ્રયોગના અર્થો લખી વાક્ય માં પ્રયોગ કરો.** (૪)

૧) ચેડાં કરવાં = ................

૨) કકળાટ કરવો = ................

૩) ભાળ મળવી = ................

૪) કાળખૂટવો = ................

**ડ) નીચે આપેલા શબ્દસમૂહના એક શબ્દ લખો.** (૪)

૧) નિષ્ફળ ન જાય તેવું અચૂકબાણ = ................

૨) શિવનું ભયંકર નૃત્ય = ................

૩) શિકાર બનવું = ................

૪) સાડાસાતી = ................

૫) સૂરતીલાલા = ................

૬) હદ વટાવવી = ................

૭) હાડકાનું હરામ = ................

૮) હથેલીમાં ચાંદ બતાવવો = ................

**પ્રશ્ન ૨ નીચે આપેલા નિબંધમાંથી કોઇપણ એક વિષય પર પોતાના શબ્દમાં નિબંધ તૈયાર કરો.** (૧૦)

૧) મમ્મી હડતાલ ઉપર જાય તો ?

૨) 'મહાવીર જયંતિ'

૩) માનવી અને પશુની મૈત્રી

૪) 'એક ફૂલની આત્મ કથા'

**પ્રશ્ન ૩ નીચે આપેલો પત્ર વાંચી, સમજીને પોતાના શબ્દમાં તૈયાર કરો.** (૭)

તમારો મિત્ર ભણવામાં હોશિયાર છે. પરંતુ શરીરે નબળો છે. તેનું સ્વાસ્થ્ય સુધારવાની સલાહ આપતો પત્ર મિત્રને લખો.

*x A



**પ્રશ્ન ૪ નીચે આપેલા ગદ્યખંડ વાંચો, સમજો સવાલના જવાબ લખો.** **(૫)**

એકાગ્રતાની શક્તિ જેમ વધુ ને વધુ કેળવાતી જશે, તેમ વધુ ને વધુ જ્ઞાનપ્રાપ્તિ થતી જશે. જ્ઞાન પ્રાપ્તિનો આજ માત્ર ઉપાય છે. બૂટપોલિશવાળો પણ જેટલો એકાગ્ર થશે, તેટલો તે જોડાને વધારે ચમકવાળા બનાવશે, એ જ રીતે એકાગ્રતાને લીધે રસોઇમાં વધુ સારી રસોઇ બનાવશે. ધન મેળવવામાં ઇશ્વરની આરાધના કરવામાં કે અન્ય કોઇ કાર્ય બજાવવામાં એકાગ્રતાની શક્તિ જેટલી વધારે, તેટલું તે કાર્ય વધારે સારૂં થશે. માનવીની શક્તિોને એકાગ્ર કર્યા સિવાય આ જગતમાંનું બધું જ્ઞાન ક્યાં મેળવાયું છે ? આપણે એનાં દ્વાર કેમ ખખડાવવાં તે જાણીએ, યોગ્ય પ્રહાર કેવી રીતે કરવો તે પિછાનીએ તો જગત તેનાં રહસ્યો આપણી સમક્ષ ખુલ્લાં કરવા તૈયાર છે. એકાગ્રતામાંથી આ પ્રકારનું બળ અને શક્તિ આપે છે.

**પ્રશ્નો :-** ૧) જ્ઞાનપ્રાપ્તિનો એકમાત્ર ઉપાય કયો છે ?

૨) બૂટપૉલિશવાળો અને રસોઇયો વધુ સારૂં કામ ક્યારે કરી શકશે ?

૩) જગત તેનાં રહસ્યો આપણી સમક્ષ ક્યારે ખુલ્લાં કરશે ?

૪) સમાનાર્થી શબ્દ લખો:-

વિશ્વ = ..................

એકાગ્ર = ..................

રહસ્યો = ..................

કેળવાતી = ..................

૫) આ ગદ્યખંડને યોગ્ય શીર્ષક આપો.

**....... સમાપ્ત ......**